# ..... સરસ્વતી મંત્ર વિભાગ .....

## મંત્રજાપ શરુ કરતા પહેલા અતિ જરૂરી સામાન્ય વિધિ યાને સાધનાશુદ્ધિ

૧. કોઈ પણ પ્રકારના દેવ-દેવીઓના મંત્ર જાપની શરૂઆત કરતાં પહેલાં ગુરુ મ. સા. ની આજ્ઞા કે અનુભવી વડીલોની સંમતિ લેવી.

૨. કોઈપણ મંત્રની શરુઆત શુદ્ધ દિવસે-ચંદ્રબળ વિગેરે જોઇ શ્રેષ્ઠ સમયે ચાલુ કરવી.

૩. મંત્ર સાધના માટે તીર્થભૂમિ, વનપ્રદેશ, પર્વતના ઉંચા સ્થાને, નદીતીરે, અથવા દેરાસર-ઉપાશ્રય કે ઘરના એકાંત સ્થાનમાં જયાં શાંતિ-સ્વચ્છતા ને સ્વસ્થતા જળવાય ત્યાં જાપ કરવો.

૪. પ્રભુપ્રતિમા કે ઈષ્ટદેવ-દેવીઓની પૂર્વદિશામાં વિધિપૂર્વક સ્થાપના કરી જાપ કરવો.

૫. જાપ દરમ્યાન સંપૂર્ણ મૌન રાખવું અને શાંત બનવું.

૬. જાપ કરતા પહેલાં જગ્યા શુદ્ધ કરી શુદ્ધ (કોરા) વસ્ત્રો પહેરવા.

૭. ધૂપ-દીપ અને સુગંધી વાતાવરણ વચ્ચે જાપ ચાલુ કરવો.

૮. કોઈ પણ મંત્રની શરુઆત કરતા પહેલા ઓછામાંઓછી ૧ બાધા પારા-(૧૦૮)ની શ્રી નવકાર મંત્રની માળા ગણવી.

૯. મા સરસ્વતી દેવીની સાધના કરતા પહેલા પવિત્ર સ્થાને ભગ. મહાવીર સ્વામી, શ્રી ગૌતમસ્વામી અને મા સર. દેવીની મૂર્તિ અથવા આકર્ષક ફોટાઓ સુંદર લાગે તે રીતે મૂકવા. તેની સ્થાપના તે રીતે કરવી જેથી પડી ન જાય અને ખસેડવા ન પડે. અને સર. દેવીની પીઠિકા રચવી.

૧૦. મંત્ર જાપ સ્ફટિકની માળાથી અથવા સુતરનીમાળાથી કરવો. અને તે માળાથી બીજો કોઈમંત્રનો જાપ ન કરવો તથા બીજા કોઈને ગણવા ન આપવી.

૧૧. જાપની દિશા-પદ-આસન-માળા-સમય એકનિશ્ચિત રાખવા. ખાસકારણ સિવાય ફેરફાર ન કરવો.

૧૨. જેટલી સંખ્યામાં જાપ નકકી કરો તેટલો રોજ અખંડપણે નિયમિત ગણવો. વચમાં એકપણ દિવસ બાકી ન રહી જાય તે ખાસ લક્ષ્ય રાખવું.

૧૩. જાપ વખતે પદ્માસન ફાવે તો તે, નહિંતર સુખાસને બેસી દ્રષ્ટિને પ્રતિમા સન્મુખ કે નાસાગ્રે સ્થિર કરી જાપ કરવો.

૧૪. મંત્ર જાપ દરમ્યાન મનમાં ઉચાટ-ઉદ્વેગ કે ખિન્નતા ન રાખવી. કલુષિત મનથી કરેલો જાપ નિષ્ફળ જાય.

૧૫. જાપ ઉતાવળથી કે અસ્પષ્ટ ઉચ્ચારથી ન કરવો, જાપ થોડો થાય તો ચાલે પણ શુદ્ધ અને મન પ્રસન્ન રહે તે રીતે નિયમિત કરવો.

૧૬. જાપ કરતાં વચમા ખાડા પડે, સળંગ ન થાય તો તે ત્રુટિત ગણાય. તેથી અખંડ (દિવસ ન પડે તે) રીતે ગણવો, જે દિવસે ખાડો પડી જાય તો બીજા દિવસે નવેસરથી ગણવો.

૧૭. જાપ વખતે દાંતો પરસ્પર અડેલા ન રાખવા, બંને હોઠ અડેલા રાખી શરીરને ટટ્ટાર અને સ્થિર રાખવું.

૧૮. મંત્ર જાપની શરુઆત શ્રેષ્ઠ મુહૂર્તે સૂર્યસ્વર ચાલતો હોય (પોતાના જમણાં નાકમાંથી શ્વાસ ચાલતો, હોય) ત્યારે પ્રબળ સંકલ્પ કરીને કરવો, ત્વરિત સિદ્ધિ મળે.

૧૯. કોઈ પણ મંત્ર વિધિપૂર્વક ગુરુ મ.સા. પાસેથી ગ્રહણ કર્યા બાદ ઓછામાંઓછો ૧૨૫૦૦ નો જઘન્યથી કરવો. ૧ા લાખનો જાપ અવશ્ય ફળ આપે અને તેથી વધુ થાય તો વધુ સારું (ઉપરોક્ત નિયમપૂર્વક ગણેલો હોય તો).

૨૦. જાપ દરમ્યાનના દિવસોમાં એકદમ સાદો અને હળવો આહાર લેવો. અભક્ષ્ય-કંદમૂળ, તામસી વસ્તુઓ કે બજારની ખાદ્ય ચીજોનો અવશ્ય ત્યાગ કરી બ્રહ્મચર્યના પાલનપૂર્વક કરવો.

૨૧. આરાધના શરુ કરતાં પૂર્વે श्री तीर्थंकर गणधरप्रसादात् एषः योगः फलतु श्री लब्धिधरगौतमकृपया च પદ બોલીને ચાલુ કરવો તથા

''इमं विज्जं पउंजामि सिज्झउ मे पसिज्झउ''

એ પદ બોલીને ચાલુ કરવો. જેથી બધો જાપ સફળ થાય. અને જાપ પૂરો થયા બાદ ક્ષમાપના માંગવી.

૨૨. સાધના સિદ્ધિના સહાયક અંગો (૧) એક દ્રઢ નિર્ણય (૨) શ્રદ્ધા-સ્વજાપમાં વિશ્વાસ બાહુલ્ય. (૩) શુદ્ધ આરાધના (૪) નિરંતર પ્રયત્ન (૫) નિંદાવૃત્તિ ત્યાગ (૬) મિતભાષણ (૭) અપરિગ્રહવૃત્તિ (૮) મર્યાદાનું પૂર્ણ પાલન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી સરસ્વતી દેવીની સાધના (જાપ) કરતાં પહેલાની પૂર્વસેવારૂપક્રિયા

માની છબી સામે પવિત્ર થઈ શુદ્ધ વસ્ત્રો પહેરી ભાવથી નમસ્કાર કરવા.

इमं विज्जं पउंजामि सिज्झउ मे पसिज्झउ

એ પદ બોલી મનગમતી ૪,૫ સ્તુતિ બોલવી, તે પછી ઈરિયા વહિયા. કરી,

સુખાસને બેસી (શરીર ઢીલું રાખી) નીચેનો મંત્ર ત્રણ વાર ઉચ્ચારપૂર્વક બોલવો.

श्री तीर्थंकरगणधरप्रसादात् एषः योगः फलतु मे, सर्वलब्धिधरगौतमकृपया च ॥

પછી ઉત્તરસાધકે મા સરસ્વતીની મૂર્તિને કે ચિત્રને તિલક કરવું. (કેસરથી) હાથમાં વાસક્ષેપ લઈ અન્ય દેવ દેવીઓની સહાયતા માટે મંત્ર બોલવો.

मंत्र :- ॐ नमो अरिहंताणं भगवईए सुअदेवयाए-संतीदेवीए चउण्हंलोगपालाणं नवण्हं गहाणं दसण्हं दिग्पालाणं षोडषविज्जादेवीओ थंभनं (स्तम्भनं) कुरु कुरु ॐ ऐं अरिहंत-देवाय नमः स्वाहा ।

પિઠિકા ઉપર ચારેબાજુ વાસક્ષેપ કરવો. આરાધનામાં શુદ્ધિ જરૂરી છે.

### ભૂમિ શુદ્ધિ મંત્ર :-

વાસક્ષેપ હાથમાં લઈ ॐ भूरसि भूतधात्रिः सर्वभूतहिते भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ।

### ધેનુમુદ્રાથી :-

ॐ अमृते अमृतोद्भवे अमृतवाहिनी अमृतवर्षिणी अमृतं स्रावय स्रावय ऐं क्लीं ब्लूँ द्राँ द्रीं द्रावय द्रावय स्वाहा ।
એમ બોલી અમૃતના કુંડો વિચારવા કલ્પવા.

### પંચાક્ષર મંત્ર સ્થાપના :-

| હ્રાઁ | હ્રીઁ | હ્રૂઁ | હ્રૌઁ | હ્રઃ |
|---|---|---|---|---|
| અંગુઠો | તર્જની | મધ્યમા | અનામિકા | કનિષ્ઠિકા |
| અરિહંત | સિદ્ધ | આચાર્ય | ઉપાધ્યાય | સાધુ ચિંતવવા |

એ રીતે ૩ વાર તે - તે આંગળી પર હ્રાઁ હ્રીઁ.... બોલતા મંત્ર સ્થાપના કરવી.

### પંચાંગ સ્નાન મંત્ર :-

(ખોબા)માં સર્વતીર્થોનું પવિત્રજલ છે એવો સંકલ્પ કરી મસ્તકેથી લઈ પગના તળીયા સુધી નીચેનો મંત્ર બોલવાપૂર્વક ભાવસ્નાન કરવું.

ॐ अमले विमले सर्वतीर्थजले पाँ वाँ झ्वीं क्ष्वीं अशुचिः शुचिर्भवामि स्वाहा ।

### વસ્ત્ર શુદ્ધિ મંત્ર :-

વસ્ત્રો ઉપર હાથ ફેરવતાં નીચેનો મંત્ર બોલવો.

ॐ ह्रीं झ्वीं क्ष्वीं पाँ वाँ वस्त्रशुद्धिं कुरु कुरु स्वाहा ।

### કલ્મષદહન મંત્ર :-

ભુજાઓને સ્પર્શ કરતાં નીચેનો મંત્ર બોલવો.

ॐ विद्युत्स्फुलिंगे महाविद्ये मम सर्वकल्मषं दह दह स्वाहा ॥

### હૃદયશુદ્ધિ મંત્ર :-

ॐ विमलाय विमलचित्ताय झ्वीं क्ष्वीं स्वाहा ॥

### રક્ષા મંત્ર :-

નીચેના મંત્રોચ્ચાર વખતે જમણા હાથે તે તે સ્થાનનો સ્પર્શ કરવો. ઉતરતા ચડતા ૩ વાર કરવું. છેલ્લે ૐ આવે.

| ॐ | कु | रु | कु | ल्ले | स्वा | हा | |
|---|---|---|---|---|---|---|---|
| મસ્તકે | ડાબા હાથના સાંધે | ડાબી કુક્ષિ | ડાબા પગે | જમણા પગે | જમણી કુક્ષિએ | જમણા હાથના | ત્રણ વાર ચડવું |

સાંધા ઉપર ઉતરવું.

મંત્ર પ્રભાવથી - કુસ્વપ્ન - કુનિમિત્ત - અગ્નિ - વીજળી - શત્રુ વિગેરેથી રક્ષણ થાય છે.

### સકલીકરણ પાંચતત્વભૂત શુદ્ધિમંત્ર :-

| મંત્ર | ક્ષિ | પ | ॐ | સ્વા | હા | |
|---|---|---|---|---|---|---|
| સ્થાન | જાનુ | નાભિ | હૃદય | મુખ | શિખા | ૩ વાર |
| રંગ | પીત | શ્વેત | રક્ત | હરિત | નીલ | ચડવું |
| તત્વ | પૃથ્વી | જલ | અગ્નિ | વાયુ | આકાશ | ઉતરવું |

### રક્ષાકવચ :-

ॐ वद वद वाग्वादिनी ह्रां शिरसे नमः ।
મસ્તક ઉપર હાથ ફેરવવો.
ॐ महापद्मयशसे ह्रीं योगपीठाय नमः ।
ॐ वद वद वाग्वादिनी ह्रूँ शिखायै नमः ।
શિખા ઉપર હાથ રાખવો.
ॐ वद वद वाग्वादिनी ह्रैं नेत्रद्वयाय वषट् ।
બંને આંખ ઉપર હાથ રાખવો.
ॐ वद वद वाग्वादिनी ह्रैं कवचाय हूँ ।
ॐ वद वद वाग्वादिनी ह्रः अस्त्राय फट् ।
પછી ૐ अर्हं मुखाम्भोजवासिनीं पापनाशिनीम् ।
એ સ્તોત્ર બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. આહ્વાન મંત્ર :-**

ૐ नमो अणाईनिहणे तित्थयरपगासिए गणहरेहिं अणुमण्णिए, द्वादशांगपूर्वधारिणि श्रुतदेवते ! सरस्वति! अत्र एहि एहि संवौषट् । આહવાન મુદ્રાથી કરવું.

**૨. સ્થાપના મંત્ર :-**

ૐ अर्हन्मुखकमलवासिनि ! वाग्वादिनि ! सरस्वति ! अत्र तिष्ठ ठः ठः ।।

સ્થાપના મુદ્રાથી.

**૩. સંનિધાન મંત્ર :-**

ૐ सत्यवादिनि ! हंसवाहिनि ! सरस्वति ! मम संनिहिता भव भव वषट्

સંનિધાન મુદ્રાથી, બે હાથની મુઠ્ઠી સામે રાખી અંગુઠા અંદર રાખવા.

**૪. (સન્નિરોધ મંત્ર)**

ૐ ह्रीं श्रीं जिनशासन-श्री द्वादशाङ्ग्यधिष्ठात्रि ! श्री सरस्वति देवि ! जापं पूजां यावदत्रैव स्थातव्यम् नमः ।

**૫. અવગુંઠન મંત્ર :-**

ૐ सव्वजणमणहरि ! भगवति ! सरस्वति ! परेषामदीक्षितानां अदृष्यो भवभव ।।

અવગુંઠન મુદ્રાથી, બે મુઠ્ઠી સામે રાખી બે તર્જની (પહેલી) આંગળીઓને લાંબી કરવી.

આ રીતની ક્રિયા પૂર્ણ કર્યા બાદ સરસ્વતી દેવીની સ્તવના - ભક્તિગીતો ગાવા. પછી મંત્ર પ્રદાન વિધિ કરવી.

## સરસ્વતી મંત્ર પ્રદાન વિધિ :-

મા સરસ્વતી શ્રુતદેવીની છબીસામે સ્તુતિ કરી. ઈરિયા. કરી ખમા. દઈ ઈચ્છા. સંદિસહ ભગવન શ્રુતદેવતા આરાધનાર્થં કાઉ. કરું ? ઈચ્છં, શ્રુતદેવતા આરાધનાર્થં કરેમિ કાઉ. અન્નત્થ નવકારનો કાઉસગ્ગ. પારી નીચેની થોય બોલવી.

सुयदेवया भगवई नाणावरणीय कम्मसंघायं ।
तेसिं खवेउ सययं जेसिं सुयसायरे भत्ती ।।१।। પછી ખમા. દેવું.

પછી પ્રાણાયામની વિધિ આ રીતે કરવી.

(૧) સ્વસ્થ બની જમણી નાસિકા દબાવી ડાબેથી શ્વાસ ધીરે ધીરે કાઢવો. અને શ્વાસ કાઢતાં.... रागात्मकं रक्तवायुं विसर्जयामि.. એમ બોલવું.

(૨) પછી ડાબી નાસિકા દબાવી નસકોરેથી ધીરે ધીરે શ્વાસ કાઢવો અને શ્વાસ કાઢતા.... द्वेषात्मकं कृष्णवायुं विसर्जयामि.... । એમ બોલવું. વિચારવું.

(૩) તે પછી શાંત બની સમતા રાખી જમણી નાસિકાને દાબી રાખી ડાબા નસકોરેથી શ્વાસ લેવો અને લેતી વખતે सत्वात्मकं शुकलवायुं आगृह्णामि आधारयामि એમ બોલવું. અને ઊંડા શ્વાસ લઈ સ્થિર કરી નીચેનો મંત્ર (ઈષ્ટજાપ મંત્ર) ધારણ કરવો.

ૐ ह्रीं क्लीं ब्लूँ श्रीं हसकल ह्रीं ऐं नमः ।

પછી ત્રણ વાર ઉચ્ચાર કરી મોટેથી બોલવું. અને રોજ ૧ માળા ગણવી.

જાપપૂર્ણ થયા બાદ નીચેની સ્તુતિ ૩ વાર બોલવી.

... દેજે દેજે અબુધ શિશુને તું જ સદ્‌બુદ્ધિ દે જે,
રહેજે રહેજે મુજ પર સદા તું પ્રસન્ના જ રહેજે...
પછી આરતી ઉતારવી.

## સરસ્વતી દેવીની આરતી

જય વાગીશ્વરી માતા જય જય જનની માતા
પદ્માસની ! ભવતારિણિ ! અનુપમ રસ દાતા
જય વાગીશ્વરી માતા ......૧

હંસવાહિની જલવિહારિણી અલિપ્ત કમલ સમી (૨)
ઈન્દ્રાદિ કિન્નરને (૨) સદા તું હૃદયે ગમી
જય વાગીશ્વરી માતા ......૨

તુજથી પંડિત પામ્યા કંઠ શુદ્ધિ સહસા (૨)
યશસ્વી શિશુને કરતાં (૨) સદા હસિતમુખા
જય વાગીશ્વરી માતા ......૩

જ્ઞાનધ્યાનદાયિની શુદ્ધ બ્રહ્મ કૃપા (૨)
અગણિત ગુણદાયિની (૨) વિશ્વે છો અનૂપા
જય વાગીશ્વરી માતા ......૪

ઉર્ધ્વગામિની માં તુ ઉર્ધ્વે લઈ લે જે (૨)
જન્મમરણને ટાળી (૨) આત્મિક સુખ દે જે
જય વાગીશ્વરી માતા .......૫

રત્નમયી ! ઐં રૂપા સદા ય બ્રહ્મ પ્રિયા (૨)
કર કમલે વીણાથી (૨) શોભો જ્ઞાન પ્રિયા
જય વાગીશ્વરી માતા .......૬

દોષો સહુના દહતાં દહતાં અક્ષય સુખ આપો (૨)
સાધક ઈચ્છિત અર્પી (૨) શિશુ ઉરને તર્પો
જય વાગીશ્વરી માતા ....... ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી નીચેની સ્તુતિ ફરી બોલવી.

તારા તેજ અને પ્રભા નીરખવા જે ગૂઢના ગૂઢ જે,
શ્રદ્ધાભક્તિતણા સ્વરૂપ જાજવા ના માનવો જે કળે ।
તારુ દર્શનમાત્ર ગાત્રખીલવે એવી અમોને કળા,
સદ્બુદ્ધિ સુખશાંતિ દઈ સરળતા સ્નેહે સિધાવો સદા ।।

પછી અંજલી જોડી ક્ષમાપના માંગવી.

ॐ आह्वानं नैव जानामि न जानामि विसर्जनं ।
पूजाविधिं न जानामि प्रसीद परमेश्वरि । ।।१।।
ॐ आज्ञाहीनं क्रियाहीनं मन्त्रहीनं च यत्कृतम् ।
तत् सर्वं कृपया देवि । क्षमस्व परमेश्वरि ।।२।।

આ બંને શ્લોકો બોલી વિર્સજનમુદ્રાથી

ॐ सरस्वति ! भगवति ! पुनरागमनाय स्वस्थानं गच्छ गच्छ स्वाहा

૩ વાર બોલી વિસર્જન કરવું. પછી કોઈ પણ એક મંત્ર પ્રભાવ પાઠ/સ્તોત્ર બોલવું.

: સંપૂર્ણ :

## શ્રી સરસ્વતી દેવીનો મહાપ્રભાવશાળી મંત્ર સંગ્રહ

૮ મી સદીમાં થયેલા શ્રી બપ્પભટ્ટિ સૂરિ મ.સા. ના પ્રથમ ૧૨ મંત્રો

१) नमो अरिहंताणं नमो सिद्धाणं नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं नमो भगवईए सुअदेवयाऐ संघसुअमायाए, बारसंगपवयणजणणीऐ सरस्सईए सच्चवाइणि सुवण्णवण्णे, ओअर । ओअर ! देवि! मम सरीरं पविस पुच्छंतस्स मुहं पविस, सव्वजणमणहरी अरिहंतसिरी सिद्धसिरी आयरियसिरी उवज्झायसिरी सव्वसाहूसिरी दंसणसिरी नाणसिरी चारितसिरी स्वाहा ।। ૧૭૪ અક્ષરી મહામંત્ર છે.

२) ॐ अर्हन्मुखकमलवासिनि ! पापात्मक्षयंकरि ! श्रुतज्ञानज्वाला सहस्रप्रज्वलिते ! सरस्वति ! मत्पापं हन हन दह दह क्षाँ क्षीं क्षूं क्षौं क्षः क्षीरधवले ! अमृत सम्भवे ! वँ वँ हूँ क्ष्वीं ह्रीं क्लीं हसौं वद वद वाग्वादिन्यै ह्रीं स्वाहा।। ૮૦ અક્ષરી મંત્ર છે.

३) ॐ ह्रीं असिआउसा नमः अर्हंवाचिनि ! सत्यवाचिनि ! वाग्वादिनि ! वद वद मम वक्त्रे व्यकतवाचया ह्रीं सत्यं ब्रूहि ब्रूहि सत्यं वदवद अस्खलितप्रचारं सदेवमनुजा सुरसदसि ह्रीं अर्हं असिआउसा नमः स्वाहा ।। ૭૯ અક્ષરી મંત્ર છે.

૪) ॐ नमो अणाइनिहणे तित्थयरपगासिए गणहरेहिं अणुमण्णिए द्वादशाङ्ग चतुर्दशपूर्वधारिणि ! श्रुतदेवते! सरस्वति ! अवतर अवतर सत्यवादिनी हुं फट् स्वाहा ।। ૬૬ અક્ષરી મંત્ર છે.

૫) ॐ नमो भगवओ अरिहओ भगवईए वाणीए वयमाणीए मम सरीरं पविस पविस निस्सर निस्सर स्वाहा।। ૪૩ અક્ષરી મંત્ર છે.

૬) ॐ नमो हिरीए बंभीए भगवईए सिज्झउ मे भगवई महाविज्जा ॐ बंभी महाबंभी स्वाहा ।। ૩૫ અક્ષરી મંત્ર છે.

૭) ॐ ऐं ह्रीं श्रीं वद वद वाग्वादिनी भगवती सरस्वती ह्रीं नमः ।। ૨૩ અક્ષરી મંત્ર છે.

૮) ॐ ऐं श्रीं सौं क्लीं वद वद वाग्वादिनि ! ह्रीं सरस्वत्यै नमः ।। ૨૦ અક્ષરી મંત્ર છે.

૯) ॐ क्लीं वद वद वाग्वादिनि ! ह्रीं नमः । ૧૩ અક્ષરી મંત્ર છે.

૧૦) ऐं क्लीं ह्रीं हसौं सरस्वत्यै नमः । ૧૦ અક્ષરી મંત્ર છે.

૧૧) ॐ श्रौं ह्रीं ऐं वद वद वाग्वादिनी ह्रीं नमः ।।

૧૨) ॐ ह्रीं क्लीं ब्लूं श्रीं हसकल ह्रीं ऐं नमः ।
(स्तोत्रान्तरमां ॐ ह्रीं श्रीं क्लीं ऐं नमः, ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं, ॐ क्लीं ब्लों श्रीं, ॐ ह्रीं ऐं क्लीं ब्लूं ।

(આ ૪ મંત્રો છે.) તેની વિધિ :- સવાલાખ ૧। નો જાપ કરવો, નિત્યએકાશન - ભૂમિ પર સંથારો, (સુવું) ઘી નો દીપ ને અગરબત્તીનો ધૂપ કરવો. આહૂતિનો ૧૨।। સાડા બાર હજારનો જાપ કરવો.

ડાંગરના સાડા બાર હજાર દાણા ઘીથી કરચોળી કુંડામાં હોમવા, છેલ્લે દિવસે એ પ્રમાણે કરી નારીયેલ કોરી તેમાં ઘી સાકર કુંડામાં નાખી હોમ કરવો. તેની આગળ પાછળ પાણીની ૩ ત્રણ ધાર દેવી.

अपरस्मिन्स्थाने मंत्रमेवं शुद्धरीत्या लिखितो दृश्यते -

(બીજી પ્રતમાં મંત્રને એ પ્રમાણે શુદ્ધ પદ્ધતિથી લખેલો બતાવેલ છે.) ૨૧ દિવસ એકાસણા કરી નવકારવાલી ૧ ગણાવી, શરદઋતુના ૪ દિવસ ગયા પછી નવરાત્રી સુધી કરી ફેરવવી.

ॐ ऐं क्लीं हसौं विश्वरुपे व्यक्ताऽव्यक्तवर्णिनि ! ज्ञानमयि ! वद वद वाग्वादिनि ! भगवति ! ह्रीं नमः । बप्पभट्ट सूरि सारस्वत विद्येयम् ।
આ ૧૨ મંત્રો શ્રી બપ્પભટ્ટિ સૂરિકૃત છે.

૧૩) श्री भद्रबाहु स्वामी कृत सरस्वती महाविद्या ।
ॐ नमो भगवईएसुयदेवयाएसव्वसुअमयाए बारसंगप-वयण जणणीए सरस्सईए सव्ववयणि सुवन्नवन्ने ओअर


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओअर देवि ! मम शरीरं पविस, मुहं पविस सव्वजणमयहिरीए अरिहंतसिरिए ॐ किरि किरि मिहिरे मिहिरे नमः ।।

શ્રી શારદા મહામંત્ર છે. ૩ લાખના જાપથી વરદાન આપે, મહાવ્રતી (સાધુ)ઓ ગણે તો આદેય વચની થાય.

૧૪) શ્રી અભયદેવ સૂરિકૃત મંત્ર :-
ॐ ह्रीं ऐं क्ष्माँ क्ष्मीं सःसरस्वत्यैनमः ।

૧૫) શ્રી સર્વદેવગણિ પ્રાપ્તવિશિષ્ટમંત્ર :-
ॐ ह्रीं श्रीं वाग्वादिनि वद वद वागीश्वर्यै नमः ।
દાન દઈ વિધિપૂર્વક ગ્રહણ કરી સિદ્ધ કરવો પછી રોજ ૧૦૮ વાર ગણવો.
યશ, લક્ષ્મી મળે. વિદ્યા ચડે - અબુધ પંડિત બને.

૧૬) શ્રી સોમતિલક સૂરિજી વિરચિત ત્રિપુરા ભારતીની વ્યાખ્યામાંથી ઉદ્ધરેલા મંત્રોઃ-
ॐ क्लीं ईश्वर्यै नमः ।
ત્રિકાલ ગણવાથી સિદ્ધિ થાય.
૨) ॐ वाङमय्यै नमः ।
ત્રિકાલ ગણવાથી જ્ઞાન ચડે.
૩) ॐ वः सरस्वत्यै नमः । पाठमंत्र ॐ ह्रीं श्रीं शारदायै नमः ।
૧૪ વિદ્યા પ્રાપ્તિ મંત્ર.
૪) योगिन्यै नमः ।
સર્વ આપદા ટળે.
ॐ हंस वाहिन्यै नमः ।
મા વરદાન આપે.
૫) ॐ श्री भारत्यै नमः । वचनसिद्धि ॐ जगन्मात्रे नमः।
ત્રિકાલજાપથી શારદાદેવી પ્રસન્ન થાય,
ॐ सरस्वत्यै नमः ।
વિદ્યા પ્રાપ્તિ મંત્ર.

૧૭) શ્રી દેવભદ્રસૂરિકૃત સારસ્વતમન્ત્ર
ॐ ह्रीं श्रीं वद वद वाग्वादिनी ह्रीं सरस्वत्यै मम विद्यांदेहि देहि स्वाहा।
અખંડપણે ૧૦૮ વાર શ્રદ્ધાપૂર્વક ગણવાથી અવશ્ય બુદ્ધિ વધે.
(શ્રી હેમચંદ્રસૂરિ સારસ્વતી પાપભક્ષિણી વિદ્યા)

ॐ अर्हन्मुखकमलनिवासिनि ! पापात्मक्षयंकरि श्रुतज्ञानज्वालासहस्रप्रज्वलितभगवति सरस्वति! मत्पापं हन हन दह दह पच पच क्षाँ क्षीं क्षूँ क्षीं क्षः क्षीरधवले अमृतसंभवे वँ वँ हूँ हूँ क्ष्वीं ह्रीं ह्रीं क्लीं ह्रौं वद वद वाग्वादिनि ! भगवति ! ऐं ह्रीं नमः ।

હોમ કરતી વખતે સ્વાહા બોલવું. આ મંત્ર જ્ઞાનપાંચમના દિવસે, ઘી નો દીવોને અગરબત્તીનો ધૂપ કરી ૧૦૮ વાર સાધીએ પછી નિત્ય સુખડ બરાસની ૭ ગોળી કરી ૭ વાર મંત્રી ખાઈએ તો સરસ્વતી પ્રસન્ન થાય. બીજી પ્રતોમાં સુખડને કપૂરની ગોળી બનાવી ૭ વાર મંત્રી ૨૧ રવિવાર સુધી કરાય છે. પ્રતિદિન ૧-૧ ગુટીકા લેવી.
प्रकट जिह्वोत्पाटः स्यात् ।
શ્રી હેમચંદ્રામ્નાયઃ । ઈતિ શારદા મંત્ર.

૧૮) સરસ્વતી મહાવિદ્યા :-
श्री तीर्थंकरगणधरप्रसादात् एषः योगः फलतु मे ।
આ પદ બોલી મંત્રજાપ શરુ કરવો.

ॐ ह्रीं चउदशपुव्विणं ॐ ह्रीं पयाणुसारिणं, ॐ ह्रीं एगारसंगधारिणं, ॐ ह्रीं उज्जुमईणं, ॐ ह्रीं विउलमईणं स्वाहा ।

સળંગ છ માસ, રોજ ૧૦૮ વાર ગણે તો બુદ્ધિ વધે - તીક્ષ્ણ થાય - ત્રિકાલ ગણવાથી મા જલ્દી પ્રસન્ન થાય ઘણી વિદ્યા ચડે, આ મહાવિદ્યા છે અને અનુભૂત સત્ય છે.

૧૯) ॐ ह्रीं श्रीं क्लीं ऐं हंसवाहिनी मम जिह्वाग्रे आगच्छ आगच्छ वासं कुरु कुरु स्वाहा ।।

દીવાળી-પર્યુષણા કે આસો-ચૈત્રની આંબેલની ઓળીમાં ૧૨૫૦૦ નો જાપ લાલ વસ્ત્રો માળા-આસન રાખી રવિવારના સારા ચોઘડીયે કરવો.

દેવીનું વાસક્ષેપથી પૂજન કરવું. ધૂપ - દીપ કરી પાસે રાખી પોતાનું નામ કાગળમાં કે થાળીમાં લખી ઉપરનો મંત્ર ૫ વાર બોલી આંખે હાથ લગાડવો. આ બધુ એકાગ્રતા પૂર્વક શુદ્ધતાથી કરવું. બુદ્ધિ વધે - યાદશક્તિ સતેજ બને.

૨૦) ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ ऐं नमः स्वाहा ।

શુભમુહૂર્તે મધ્યરાત્રિએ પવિત્ર થઈ ઉત્તર સન્મુખ બેસવું. ધૂપ અને દીપ ચંદનનો કરવો. માતાની સન્મુખ પ્રાર્થના (સ્તુતિ) કરવી. પછી આ મંત્રની સળંગ છ માસ સુધી ૭ માળા અર્ધરાત્રિએ જ ગણવી. સવા લાખનો જાપ પુરો કરવો. ખાડો પડે તો નવેસરથી ગણતરી કરવી. મૂર્ખ પણ વિદ્વાન બને.
વાસક્ષેપ પૂજા દ્વારા જ્ઞાનવૃદ્ધિ મંત્ર :-

૨૧) ॐ नमो अणाइनिहणे तित्थयरपगासिए गणहरेहिं अणुमण्णिए द्वादशांगचतुर्दशपूर्वधारिणि । श्रुतदेवते । सरस्वति । अवतर अवतर सत्यवादिनि । हुं फट् स्वाहा ।

રોજ સવારે ૧ માળા ગણી પછી આ મંત્રથી જ પુસ્તક પર વાસક્ષેપ પુજા કરવી. તેનું જ્ઞાન ચડવા લાગે.

૨૨) ॐ ह्रीं चउदशपुव्विणं एगादशांगधारिणं अट्ठावी-सलद्धिणं केवलीसदृशं ममविद्यां देहि मम तिमिरं हर हर ज्रौं ज्रौं ज्रौं स्वाहा ।

શુભ મુહૂર્તે ૪૨ દિવસ પીળાવસ્ત્ર પહેરી પીળાઆસન ઉપર પીળીમાળાથી પૂર્વદિશા તરફ માની છબી સમક્ષ ૧। સવાલાખનો જાપ કરવાથી સિદ્ધ થાય. પછી રોજ ૧માળા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણવી. અજ્ઞાનતા જાય - વિધા મળે - વિદ્વતા પ્રગટે.

૨૩) ॐ ह्रीं ऐं घीं क्लीं सौं श्रीं वद वद वाग्वादिन्यै स्वाहा।
છ માસ સુધી રોજ ૧૦૮ વાર ત્રિકાલ માળા ગણવી. સુદ અને વદ તેરસના દિવસે વધુ જાપ કરવાથી ઈચ્છિત લાભને પામે. મહા પ્રભાવશાળી મંત્ર છે. સંશય વિના ફળે.

૨૪) જ્ઞાનવૃદ્ધિ માટે :-
ભક્તામર સ્તોત્રની ૬ ઠ્ઠી ગાથા
अल्पश्रुतं श्रुतवतां परिहासधाम ..... રોજ ૨૧ વાર ગણી
ॐ ह्रीं अर्हं नमो कुट्ठबुद्धिणं
મંત્રની માળા છ માસ સુધી સતત ગણવી. અપૂર્વ જ્ઞાન વિકાસ પામે.

૨૫) ॐ नमो सव्वक्खरसन्निवाईणं णमो सव्वोसहिलद्धिणं णमो कुट्ठबुद्धिणं णमो सिद्धिपत्ताणं ॐ ब्लूँ श्रीं श्रीं सः सरस्वती मम जिह्वाग्रे तिष्ठ तिष्ठ शासनदेवी मम चिन्तां चूरय चूरय सिद्धिं कुरु कुरु स्वाहा।
આ મંત્ર રોજ ૧૦૮ વાર ગણવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય. વિદ્વતા આવે, ચિંતાનું ચૂરણ કરી સર્વસિદ્ધિ થાય, આ મંત્રથી ઔષધિઓને અભિમંત્રિત કરી રોગીને આપવાથી રોગ દૂર થાય.

૨૬) ॐ नमो दसपुव्विणं झौं ह्रीं स्वाहा।
સૂર્યાસ્ત સમયે ૮૦ દિવસ રોજ ૧ માળા ગણવી. એકાંતર ઉપરાસ કરવો. શાસ્ત્રનો જાણકાર થાય. મહામૂર્ખ પણ વિદ્વાન થાય. ધૂપ - દીપ માની છબી સામે રાખી ગણવો.

૨૭) ॐ नमो अरिहंताणं वद वद वाग्वादिनी स्वाहा।१। અથવા
ॐ वद वद वाग्वादिनी स्वाहा।२।
ઉંચા આસને માની છબી પધરાવી વાસક્ષેપથી પૂજા કરવી. સુંદર તાજા શ્વેત પુષ્પોની માળા ચડાવી ધૂપ દીપ કરવા. ફળ નૈવેધ કરવા. શુદ્ધતા કરી શુદ્ધ વસ્ત્રો પહેરી પછી
या कुन्देन्दुतुषारहारधवला या श्वेतपद्मासना,
या वीणावरदण्डमण्डितकरा या शुभ्रवस्त्रावृता।
या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिः दैवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्याऽपहा ।।१।।
શ્લોક બોલી નમ્રપણે પ્રાર્થના કરવી પછી તેમનું શ્વેતવર્ણમાં ધ્યાન ધરી તેઓ આપણા પર પ્રસન્ન થઈ રહ્યાં છે તેમ વિચારી ૧૦ માળા ઉપરના મંત્રની ગણવી. માળા સ્ફટિક કે ચાંદીની રાખવી. રાત્રીએ પણ સૂતા પહેલાં શ્લોક બોલી ૧માળા ગણી ભૂમિ પર ચટાઈ કે ગરમ કપડાં પર સૂવું. મૌનપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરવું. પ્રથમ દિને ઉપવાસ-આંબેલ અથવા એકાશન કરવું. ૪૨દિવસ સુધી આ મંત્રનો જાપ કરવો.અનુકૂળતા આવે તો કમરપૂર પાણીમાં ઉભારહી રોજ ૩૦૦૦ જાપકરે તો સિદ્ધિ વહેલી થાય. તેમ ન ફાવે તો સંપૂર્ણ એકાંતમાં બેસી પવિત્ર વાતાવરણ વચ્ચે જાપ કરવો. બુદ્ધિ-સ્મરણશકિત ઘણી સતેજ બને, વિદ્વાન થાય. અપૂર્વજ્ઞાન ચડે.

૨૮) ॐ ह्रीं श्रीं क्लीं उच्चीष्ट चांडाली मातंगी सर्वजनवशकरी स्वाहा।
માલકાંકણી તેલના ૨થીજ ટીપા સુધી લઈ આ મંત્ર વડે તેલ મંત્રી પીવાથી વિધા ચડે. તે પહેલા ૧૨૫૦૦ નો જાપ (૧૨૫ માળા) કરવો.

૨૯) ॐ ऐं ह्रीं श्रीं अर्हन्वदवदवाग्वादिनीभगवतीसरस्वती ह्रीं नमः स्वाहा।
આ મંત્ર રોજ સવારે ૨૧ વાર ગણી ૩ સંબુચલુ (ખોબા) પાણી પીવણો (પીવું) સરસ્વતી પ્રસન્ન થાય. વરદાન આપે.

૩૦) ॐ ह्रीं अर्हं नमो बीयबुद्धिणं ॐ ह्रीं नमो भगवती गुणवती महामानसी स्वाहा।
પ્રાતઃકાળે ઉઠીને રોજ ૫ - ૫ માળા ગણવાથી મહાબુદ્ધિવાન થવાય છે. અથવા નીચેનો મંત્ર ગણવાથી

૩૧) ॐ ऐं श्रीं सौं क्लीं वद वद वाग्वादिनी ह्रीं सरस्वत्यै नमः।
દીવાળીના છેલ્લા ૩ દિવસમાં અઠ્ઠમ કરી કે આંબેલ કરી ૧૨૫ નવકારવાળી ગણવી. પછી રોજ ૧૦૮ વાર ગણવું. જ્ઞાન ચડે, બુદ્ધિ નિર્મલ બને.

૩૨) ॐ ह्रीं श्रीं श्रीं श्रूँ श्रः हं तं यः यः ठः ठः ठः सरस्वती भगवती विद्या प्रसादं कुरु कुरु स्वाहा।
સફેદ વસ્ત્રો પહેરી રોજ ૧૦૦૮ (૧૦ માળા) નો જાપ કરવો વિધા ચડે.

૩૩) ॐ ऐं ह्रीं श्रीं वद वद वाग्वादिनी भगवती सरस्वत्यै नमः।
રોજ ત્રિકાળ ૧-૧-૧ માળા ગણનારને જરૂર વિધા ચડે. ભણેલું યાદ રહે.

૩૪) ॐ ह्रीं ह्सौं सरस्वत्यै नमः।
રોજ ૧૦ માળા ગણવી. સરસ્વતી પ્રસન્ન થાય. વિધા ચડે.

૩૫) ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ ऐं नमः।
રોજ ૧૦ માળા ગણવાથી મૂર્ખ જ્ઞાની બને, જ્ઞાન ચડે, સર્વ સિદ્ધિ આપે.

૩૬) ॐ वद वद वाग्वादिन्यै नमः।
સારા મુહૂર્તે શરુ કરી રોજ ૧૦ માળા ગણવી તથા ત્રિકાલ ગણવી. સત્વરે સિદ્ધિ થાય.

૩૭) ॐ ह्रीं श्रीं ऐं हंसवाहिनी मम जिह्वाग्रे आगच्छ आगच्छयन्तु स्वाहा।
આ મંત્ર રોજ ૧૦૮ વાર ગણવો. વિધા ચડે, મન પ્રસન્ન થાય.

૩૮) ॐ ह्रीं श्रीं ऐं वाग्वादिनी भगवती अर्हन्मुखवासिनी सरस्वती मम जिह्वाग्रे प्रकाशं कुरु कुरु स्वाहा।
રોજ ૧ માળા ગણવી, જ્ઞાનપ્રકાશ થાય.

૩૯) ॐ ह्रीं श्रीं क्लीं ऐं वाग्वादिनि ! सरस्वति ! मम जिह्वाग्रे



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वासं कुरु कुरु सौं स्वाहा।

છ માસ સુધી અખંડપણે રોજ ૧ માળા ગણવાથી અવશ્ય જ્ઞાન ચડે, બુદ્ધિ વધે, વિદ્વાન બને, અનુભૂત સત્ય છે.

૪૦) ऐं नमः ।

૩ દિવસમાં ૧। સવાલાખનોજાપ માની છબી સમક્ષ પવિત્રપણેથઈને કરવો. ઉપા. શ્રી યશો. વિ. મ. સિદ્ધ કરેલ મંત્ર છે.

પવિત્ર થઈ મુખમાં ૭-૮ લવિંગ રાખીને ત્રિકાલ ૨-૨ હજાર ગણવો. કુલ ૬ હજાર થાય. લવિંગ ૧૦-૨૦ નો ત્રિકાલ હોમ કરવો. ૨૧ દિન સુધી ગણવો. ભોજન ખીર ખાંડ ઘી સિવાય કાંઈ ન જમીએ સરસ્વતી પ્રત્યક્ષ થાય. વિદ્યા આવે નિઃસંદેહ.

૪૧) ॐ ऐं ह्रीं श्रीं क्लीं ह्सौ सरस्वत्यै नमः ।

૧૦૦૦ જાપથી શુદ્ધિ, ૨૦૦૦ થી કંઈક જ્ઞાન મળે, ૧૦૦૦૦ જાપથી ત્રિકાલ સ્વરૂપનું જ્ઞાન થાય, ૨૦૦૦૦ જાપથી દૂરથી સાંભળે. ૩૦ હજાર જાપથી સર્વશાસ્ત્રોનો પરિચય થાય, ૪૦ હજાર જાપથી પવનગામી થાય, ૫૦ હજારના જાપથી ખેચર થાય.

૪૨) ॐ ऐं ह्रीं श्रीं वद वद वाग्वादिनी ह्रीं नमः ।

દિવાળીમાં અઠ્ઠમ કરીને પવિત્ર પણે ૧૨॥ સાડાબાર હજારનો જાપ કરવાથી સિદ્ધ થાય.

૪૩) ૧) ॐ ह्रीं ऐं क्लीं ह्रीं वाग्वादिनी भैरवी सरस्वती ह्रीं नमः । सरस्वत्यधिकारे लक्ष जापः ।

૧ હજારનો જાપ.

૨) ऐं क्लीं ह्रौं त्रिपुरभैरवी शारदायै नमः । जापो द्वि सहस्रमितः कार्यः। ૨ હજારનો જાપ.

૩) ॐ ह्रीं वद वद वाग्वादिनी भगवती सरस्वती नमः । ५०२५ कार्यः। ૫ હજાર ૨૫ નો કરવો.

૪) ॐ ह्रीं श्रीं वद वद वाग्वादिनी नमः । एते चत्वारोऽपि सारस्वत्यालक्षम् ।

૪૪) ૧) ॐ ह्रीं श्रीं ऐं नमः । लक्षसपाद जपः । સવા લાખનો જાપ કરવો.

૨) ॐ ह्रीं श्रीं क्लीं ह्रौं नमः । जापलक्षः ૧ લાખનો જાપ કરવો.

૪૫) ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं वद वद वाग्वादिनी भगवती सरस्वती ऐं नमः ।

રોજ ૧૦૮ વાર ગણીએ, ઘણી વિદ્યા આવે, દીવાળીમાં ૧૨॥ સાડાબાર હજારનો જાપ કરવો. છ મહિને શારદા પ્રસન્ન થાય.

૪૬) ॐ नमो हिरीए बंभीए सिज्झउ मे भगवइ ऐषामहइ महाविज्जा । ॐ ऐं ह्रीं बंभी महाबंभी नमः । करजाप लक्षः जाति पुष्प सहस्रबत्तीस दशांश होमः । ततः सरस्वती वरं ददाति। श्री पालत्तय विधेयम् ।

૪૭) ऐं ह्रीं श्रीं क्लीं ह्रौं वद वद वाग्वादिनि ! भगवति ! सरस्वति! तुभ्यं नमः । મૂલ મંત્ર છે.

૪૮) ॐ ऐं ह्रीं श्रीं वद वद वाग्वादिनी भगवती तुभ्यं नमः । ગુરુવારથી ચાલુ કરી રોજ ૧૦૮ વાર ગણવો.

૪૯) ॐ ह्रीं सरस्वती क्लीं वद वद वाग्वादिनि । भगवति । ब्राह्मि ! सुंदरि ! सरस्वतीदेवी मम जिह्वाग्रे वासं कुरु कुरु स्वाहा ।

રોજ ૧ માળા છ માસ સુધી ગણવાથી અવશ્ય વિદ્યા ચડે.

૫૦) ॐ ह्रीं श्रीं ऐं वद वद वाग्वादिनि ! भगवति ! सरस्वति ! अर्हन्मुखवासिनि ! ममास्ये प्रकाशं कुरु कुरु स्वाहा ।

રોજ ૧૦૮ વાર ગણવાથી જ્ઞાન, ચડે, બુદ્ધિ તીક્ષ્ણ થાય.

૫૧) ॐ ह्रीं सरस्वती क्लीं वद वद वाग्वादिनी ह्रीं सरस्वत्यै नमः ।

રોજ સવારે ૧ માળા ગણવી.

૫૨) ॐ ऐं श्रीं सौं क्लीं वद वद वाग्वादिनि ! ह्रीं सरस्वत्यै नमः ।

ઉપર પ્રમાણે

૫૩) ॐ ह्रीं श्रीं क्लीं वद वद वाग्वादिनी भगवती सरस्वत्यै नमः ।

બ્રાહ્મમુહૂર્તે ૧૦૮ વાર ગણવાથી દેવી સંતુષ્ટ થાય છે.

૫૪) ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं वद वद वाग्वादिनी ह्रीं नमः । રોજ ૧૦૮ વાર ગણવો.

૫૫) ॐ नमो सरस्वती बुद्धिबलवर्द्धिनि ! कुरु कुरु स्वाहा ।

પૂર્વદિશામાં સાડા (૧૨॥) બાર હજારનો જાપ કરી, આ મંત્રને (જમણા) હાથમાં પવિત્ર જલ લઈને મંત્ર ૩ વાર કે ૭ વાર કાર્યપ્રસંગે, જપીને પીવું. રોજ ૧૦૮ વાર ગણ્યા પછી, બુદ્ધિ બલ વધે.

૫૬) ॐ ह्रीं श्रीं ऐं ह्रीं क्लीं श्रीं ह्रैं ह्रीं नमः ।

૫૭) ॐ ह्रीं श्रीं अर्हं वाग्वादिनी नमः ।

૫૮) ऐं ह्रीं क्लीं सरस्वत्यै नमः ।

૮ માસ સુધી એકાશન કરી ત્રિકાલ જાપ કરવો. કુલ ૩ લાખનો જાપ કરી રોજ ૧૦૮ વાર ગણવો. મહાજ્ઞાની થાય.

૫૯) ॐ ऐं सरस्वत्यै नमः ।

રોજ ૧૦ માળા સવારે ગણવી, ૫૦ હજારનો જાપ કરવાથી સુંદર પરિણામ મળે.

૬૦) ॐ ह्रीं ऐं ह्रीं ॐ सरस्वत्यै नमः ।

બ્રાહ્મ મુહૂર્તે ઉઠી ૧૦ માળા ગણવી, મૂર્ખતા જાય - વિદ્વાન બને.

૬૧) ॐ ह्रीं वद वद वाग्वादिनी ह्रीं नमः ।

વિધિપૂર્વક ૧ લાખનો જાપ કરવો. કાવ્યસિદ્ધિ થાય.

૬૨) ॐ ह्रीं सरस्वत्यै नमः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ દિનમાં ૧૨૫ માળા ગણવી પછી રોજ ૧૦૮ વાર કવિ બને. બુદ્ધિ વધે.

૬૩) ॐ ह्रीँ ऐँ श्री सरस्वत्यै नमः ।
૧૦૮ વાર અખંડપણે ગણવો. જ્ઞાની થવાય.

૬૪) ॐ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनि नमः ।
આ મંત્રથી દેવીનું ધ્યાન ધરી ૧૦૮ વાર ગણવો. મૂરખ જ્ઞાની બને.

૬૫) ॐ ऐँ ह्रीँ ।
રોજ સવારે ૧૦ માળા ગણવી. શીઘ્ર કવિ થાય.

૬૬) ॐ ह्रीँ श्रीँ क्लीँ ह्सौँ ऐँ नमः ।
રોજ ૧૦૮ વાર શાંતચિત્તે ગણવો. બુદ્ધિ વધે.

૬૭) ॐ ऐँ ह्रीँ क्लीँ श्री ह्सौँ नमः ।
મા નું ધ્યાન ધરી રોજ સવારે ૧ માળા ગણવી. મૂર્ખતા જાય.

૬૮) ॐ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनि ! भगवति ! सरस्वत्यै नमः।

૬૯) ॐ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनी ह्रीँ सरस्वत्यै मम विद्यां देहि देहि स्वाहा ।
૧૨૫૦૦નો જાપ કર્યા પછી રોજ ૧૦૮વાર ગણવો. વિદ્યા ચડે, યાદ રહે.

૭૦) ॐ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनी भगवती ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ।
રોજ નિયમિતપણે ૧૦૮ વાર ગણવો, અપૂર્વજ્ઞાન ચડે.

૭૧) ॐ ह्रीँ श्रीँ झ्वाँ श्रीँ स्फुर स्फुर ॐ क्लीँ क्लीँ ऐँ वागीश्वरी भगवती- मस्तु नमः ।
શ્વેત ધ્યાન ધરી રોજ અખંડપણે જાપ ૧૦૮ વાર કરવો. સાક્ષાત્ વરદાન આપે.

૭૨) ॐ ह्रीँ श्रीँ सौँ क्लीँ वद वद वाग्वादिनी ह्रीँ सरस्वत्यै नमः।
પવિત્ર સ્થાને શુદ્ધતાપૂર્વક ૧૪ હજારનો જાપ કરવો. ઇચ્છિત મળે, દિવ્યજ્ઞાની બને.

૭૩) ऐँ क्लीँ ह्रीँ बाला त्रिपुरायै नमः ।
રોજ સવારે ૧૦૮ વાર ગણવાથી યાદશક્તિ વધે. જ્ઞાન ચડે.
વ્યાખ્યાન આપતાં પહેલાં ગણવાના મંત્રો :-

૭૪) ऐँ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनी क्लीँ नम । तथा
ॐ सुमति सुरविज्झाय स्वाहा ।
આ બંને મંત્રોના ૧૨૫૦૦ નો જાપ કર્યા પછી રોજ ૧૦૮ વાર ગણવો. ધર્મોપદેશ આપવામાં પોતાનું વચન ગ્રહણ થાય.

૭૫) ॐ श्रीँ ह्रीँ कीर्तिमुखमंदिरे स्वाहा ।
વિધિપૂર્વક ૧૨૫ માળા ગણવી. વ્યાખ્યાને જતાં પહેલાં ૭ કે ૨૧ વાર ગણી બેસવાથી આદેય વચની બને.
ऐँ ह्रीँ श्रीँ ऐँ क्लीँ ह्सौँ नमः ।
વ્યાખ્યાનના આરંભે ૭ કે ૨૧ વાર ગણી શરું કરવું. રોજ ૧૦૮ વાર ગણવું. સારી રીતે આવડે, યાદ રહે.

૭૭) ॐ ज्रौँ ज्रौँ शुद्धिं बुद्धिं प्रदेहि श्रुतदेवीमर्हतः तुभ्यं नमः।
સુદપક્ષના ગુરુવારથી ૧૨।। સાડા બાર હજારનો જાપ શરુ કરવો. પછી રોજ ૧૦૮ વાર, ત્રિકાલ ૧ - ૧ માળા ગણાય તો વ્યાખ્યાન સારી રીતે આપી શકે. વ્યા. કરતાં પહેલા ૭ વાર મનમાં મંત્ર ગણવો.
આ મંત્ર હીંગલો અને સુરભિગંધથી કાગળમાં લખી ચિઠ્ઠી પાસે રાખવી. પછી વ્યાખ્યાન કરવું.

૭૮) ॐ नमो काली चीडी कुलकुलकरे धोलीउडे आकाश फीर आवे पास शत्रुनाश धवारहे संसारनकरे उकाश वीर वैताल करे प्रकाश ठः ठः ठः स्वाहा ।
વ્યાખ્યાનમાં પાટ ઉપર બેસતી વખતે ૭ વાર મંત્ર ગણી બેસવું. સારી રીતે આપી શકાય.

૭૯) ૧) ॐ ह्रीँ श्री अर्हँ वद वद वाग्वादिनि भगवतीसरस्वती ह्रीँ ऐँ नमः ।
ધ્યાન મંત્ર :-

૮૦) ૨) ॐ ह्रीँ क्लीँ ब्लूँ श्रीँ ह्सौँ क्लीँ ऐँ नमः ।
શ્વેતવર્ણમાં સરસ્વતી દેવીને અરિહંત ભગવંતના મુખકમલથી પ્રગટ થતાં હોય તે રીતે ધ્યાન ધરતાં અજ્ઞાન નાશ પામે.

૮૧) ॐ णमो सयंसबुद्धाणं ह्रौँ भ्रौँ स्वाहा ।
રોજ ૧૦૮ વાર ગણવાથી આગમનો જ્ઞાતા બને - કવિ બને.

૮૨) ॐ नमो बोहिदयाणं जीवदयाणं धम्मदयाणं धम्मदे-सयाणं अरिहंताणं नमो भगवईए देवयाए सव्वसुयनायाए बारसंगजणजीए अरहंतसिरिए झ्वीँ क्ष्वीँ स्वाहा ।
સાડા બાર હજારનો જાપ કર્યા પછી વ્યાખ્યાનમાં જતાં પહેલા ૧વાર ગણી લેવો. વચન સિદ્ધિ થાય. રોજ ૧૦૮ વાર ગણવો.

૮૩) ॐ णमो अरहंताणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरंत चक्कवट्टीणं मम परमैश्वर्यं कुरु कुरु ह्रीँ हं सः स्वाहा ।
પૂર્વ સન્મુખ સફેદ વસ્ત્ર - માળા દ્વારા માથા પર ડાબો હાથ રાખી કુલ ૧ લાખનો જાપ કરે પછી રોજ ૧૦૮ વાર જાપ કરે તો વચન સિદ્ધિ થાય.

૮૪) ॐ ऐँ हं ऐँ हं वदवद स्वाहा ।
૧૦૦૦૦ નો જાપ કર્યા પછી રોજ ૧૦૮ વાર ગણે - કવિ બને.

૮૫) ॐ नमो भगवति, श्रुतदेवी ! हंसवाहिनी स्वाहा ।
ચૈત્ર સુદ-૧ થી ૯ સુધી આ મંત્રનો રોજ ૧૦ હજારનો જાપ કરવો. રોજ ૨૧ માળા ગણવાથી ગુપ્ત વાતો જણાવે.

चतुर्दशाक्षरो मंत्र :- ॐ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनी ह्रीँ नमः ।
પ્રાચીન હસ્તપ્રતમાંથી શ્રી ભારતીદેવીનો અતિ પ્રભાવક મંત્રાભરણયુક્ત મંત્ર છે. વિશેષ ગુરુગમથી જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -ઃ દશાક્ષરી સરસ્વતી મન્ત્રપ્રયોગ ઃ-

अस्य श्री सरस्वती दशाक्षरमन्त्रस्य कण्वऋषिः, विराट् छन्दः, वाग्वादिनीदेवता विद्या प्राप्त्यर्थे सर्वेष्ट सिद्धये जपे विनियोगः । अथ ऋष्यादिन्यासः

મસ્તક ઉપર હાથ રાખી બોલવું. ॐ कण्वऋषये नमः । (शिरसि)
મુખ ઉપ હાથ રાખી બોલવું. विराट् छन्दसे नमः । (मुखे)
હૃદય ઉપર હાથ રાખી બોલવું. ॐ वागीश्वर्यै देवतायै नमः । (हृदि)
સર્વ અંગ પર હાથ ફેરવતા બોલવું. विनियोगाय नमः (सर्वाङ्गे) ।

। इति ऋष्यादि न्यासः ।

**अथ मन्त्रवर्णन्यासः**

| | |
|---|---|
| ૧. મસ્તક ઉપર હાથ રાખવો. | १. ॐ वं नमः । (शिरसि) |
| ૨. જમણા કાન ઉપર | २. ॐ दं नमः । (दक्ष श्रवणे) |
| ૩. ડાબા કાન ઉપર | ३. ॐ वं नमः । (वाम श्रवणे) |
| ૪. જમણી આંખ ઉપર | ४. ॐ दं नमः । (दक्षिणनेत्रे) |
| ૫. ડાબી આંખ ઉપર | ५. ॐ वां नमः । (वामनेत्रे) |
| ૬. જમણી નાસિકા ઉપર | ६. ॐ ग्वां नमः । (दक्षिणनासायाम्) |
| ૭. ડાબી નાસિકા ઉપર | ७. ॐ दिं नमः । (वामनासायाम) |
| ૮. મુખ ઉપર હાથ રાખી | ८. ॐ नीं नमः । (मुखे) |
| ૯. લિંગ ઉપર હાથ રાખી | ९. ॐ स्वां नमः । (लिंगे) |
| ૧૦. ગુદા ઉપર હાથ રાખી | १०. ॐ हां नमः । (गुदायाम्) |

। इति मन्त्रवर्णन्यासः ।

**अथ करन्यासः ।**

ॐ अं कं खं गं घं ङं आं अंगुष्ठाभ्यां नमः ।
ॐ इँ चं छं जं झं ञं ईं तर्जनीभ्यां नमः ।
ॐ उँ टं ठं डं ढं णं ऊँ मध्यमाभ्यां नमः ।
ॐ ऐं तं थं दं धं नं ऐं अनामिकाभ्यां नमः ।
ॐ ओं पं फं बं भं मं औं कनिष्ठाभ्यां नमः ।
ॐ अं यं रं लं वं अः करतलकरपृष्ठाभ्यां नमः ।
ॐ आं हृदयाय नमः - हृदये ।
ॐ आं शिरसे स्वाहा - मस्तके ।
ॐ आं शिरवायै वषट् - शिरवायाम् ।
ॐ आं कवचाय हूँ - द्विर्भुजायाम् ।
ॐ आं नेत्रत्रयाय वौषट् - त्रिनेत्रे ।
ॐ आं अस्त्रायु फट् - दिव्यास्त्रम् ।
एवं हृदयादि षडंगन्यासविधिं कृत्वा ध्यायेत् ।

એ પ્રમાણે હૃદય વિગેરે ઉપર હાથ રાખી ન્યાસ કરવો - પછી ધ્યાન કરવું.

**ततः ध्यानम् ।**

तरुणशकलमिन्दो र्बिभ्रती शुभ्रकान्तिः,
कुचभरनमिताङ्गी सन्निषण्णा सिताब्जे ।
निजकरकमलोद्यल्लेखनी पुस्तकश्रीः,
सकलविभवसिद्धयै पातु वाग्देवता नः ।।१।।

या कुन्देन्दुतुषारहाधवला या शुभ्रवस्त्रावृता,
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना ।
या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिः र्देवैः सदावन्दिता,
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्याऽपहा ।।२।।

આ બંને શ્લોકના અર્થ વિચારી ધ્યાન ધરી પછી મૂલમંત્ર જપવો.
મૂલ મંત્ર :- ॐ वद वद वाग्वादिनी स्वाहा ।
अस्य पुरश्चरणं दशलक्षजपः ।

। इति दशाक्षर सरस्वती मन्त्रप्रयोगः ।

## નીલ સરસ્વતી મંત્ર પ્રયોગ

મંત્ર : ऐं ह्रीँ श्रीँ क्लीँ सौँ क्लीँ ह्रीँ ऐं
ब्लूँ स्त्रीं नीलतारे सरस्वती ह्रां ह्रीँ क्लीँ ब्लूँ सः ऐं
ह्रीँ श्रीँ क्लीँ सौः सौँ ह्रीँ स्वाहा ।
આ મંત્ર કોઈપણ ગુરુવારે શુભ મુહૂર્તે અને બ્રાહ્મમુહૂર્તે શરૂ કરવો. સૌ પ્રથમ સૂર્ય નમસ્કાર કરી પાણીનો અર્ઘ્ય દેવો. એકાંત શુદ્ધ-પવિત્ર જગ્યામાં બાજોઠ ઉપર સફેદવસ્ત્ર પાથરી મા સરસ્વતીનો સુંદર ફોટો તથા શ્રી સરસ્વતી યંત્રને સ્થાપન કરવો. પૂજા, ચંદનનુ તિલક, ધૂપ-દીપ-કર્યા બાદ પાંચ માળા દરરોજ બીજા ગુરુવાર સુધી ગણવી.

ॐ ऐं ह्रीँ श्रीँ क्लीँ वाग्वादिनी सरस्वती मम (बालस्य)
जिह्वाग्रे वद वद ॐ ऐं ह्रीँ श्रीँ क्लीँ नमः स्वाहा ।।
ઉપરોક્ત સૂચના-વિધિ પ્રમાણે આ મંત્રની માળા પાંચ ગુરુવાર સુધી કરે તો ઉત્તમ ફળ મળે અને બુદ્ધિ તીક્ષ્ણ થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વેદોમાં સરસ્વતી દેવીના મંત્રો

૧. पावका नः सरस्वती, वाजेभिर्वाजिनीवती ! यज्ञं वष्टु धियावसुः । (ऋक् १-३-१०)

અર્થાત્ પવિત્ર કરનારી સરસ્વતી દેવી જ્ઞાન, બળ, ધન, અન્ન આદિ સમૃદ્ધિકારક પદાર્થોને બુદ્ધિયુકત કર્મો (કાર્યો) દ્વારા ધારણ કરવાની શકિત પ્રદાન કરતે છતે અમારા યજ્ઞો, દાન-મય કર્મોને કાન્તિયુકત (શોભાયમાન) કરે તથા સફળ બનાવે.

૨. चोदयित्री सूनृतानां चेतन्ती सुमतीनाम् । यज्ञं दधे सरस्वती। (ऋक् १-३-११)

અર્થાત્ સત્ય તથા સુ-મતિ-પૂર્ણ વચનોની પ્રેરણા આપનારી અથવા સુ-બુદ્ધિ-યુકત લોકોને જીવંત બનાવનારી સરસ્વતી દેવી શ્રેષ્ઠ કર્મોને ધારણ કરે છે.

૩. महो अर्णः सरस्वती प्रचेतयती के तुना । धियो विश्वा विराजति। (ऋक १-३-१२)

અર્થાત્ જ્ઞાનપૂર્ણ મધુર વ્યવહારથી સરસ્વતી દેવી સંસારરૂપી સમુદ્રને આમોદ-પ્રમોદના કાર્યો વડે તરંગિત કરી દે છે. અનેક યોગ્ય ગતિઓ દ્વારા સર્વત્ર ચેતનાનો સંચાર કરી દે છે. અને દરેક કાર્યોમાં ઉપસ્થિત થઈને તે કાર્યને જીવંત (ચેતનવંતુ) બનાવે છે.

૪. यस्ते स्तनः शशयोमयोभूर्येन विश्वा पुष्यसि वार्याणि ।
यो रत्नधा वसु-विद्यः सुदत्रः सरस्वति । तमिह धातवे कः ।। ऋक् १-१६४-४३)

અર્થાત્ હે સરસ્વતી દેવી ! આપના સ્તન શાંતિ દેનારા તથા કલ્યાણ કરનારા છે. તેના દ્વારા સર્વ વરણીય પદાર્થો તથા ભાવોનું પોષણ થાય છે. રમણીય પદાર્થોને ધારણ કરવા માટે, સમ્યક્પુષ્ટિને પ્રાપ્ત કરવાને માટે, સર્વ પ્રકારની શારીરિક તથા માનસિક ધારણાની પ્રાપ્તિ ને માટે અમારા વર્તમાન જીવનને પ્રેરિત કરો.

પૂ. सरस्वति ! त्वमस्माँ अविड्ढि मरुत्वती धृषती जेषि शत्रून् । (ऋक् २-३०-८)

અર્થાત્ સદા પ્રવાહમય રહેનારી, સુંદર રૂપ તથા સ્વસ્થ પ્રાણ દેનારી દેવી સરસ્વતી ! આપ અમને રક્ષા, વૃદ્ધિ, પ્રગતિ તથા તૃપ્તિ આપો તથા શત્રુતા રાખનારા પદાર્થો, ભાવો ઉપર વિજય આપો.

૬. अम्बि-तमे, नदी-तमे, देवी-तमे सरस्वति !
अप्रशस्ता इव स्मसि, प्रशस्तिमम्ब ! नमस्कृधि ।। (ऋक् २-४१-१६)

અર્થાત્ માતાઓમાં આદર્શ દેવી સરસ્વતી ! આપની કૃપાના અભાવે અમે સંસ્કર-વિહોણા થઈ ગયા છીએ. હે માતા ! અમને પ્રશસ્તિ અર્પી પ્રશંસનીય બનાવો.

શબ્દ-વ્યવહાર રૂપી નદીઓમાં શ્રેષ્ઠ દેવી સરસ્વતી ! તમારા દ્વારા જ્ઞાન અને શિક્ષણ ન મળવાને કારણે અમે ભૂખ્યા, અપ્રસિદ્ધ થઈ ગયા છીએ. જ્ઞાન પ્રદાન કરી અમને સમૃદ્ધ (પ્રશસ્ત) બનાવીને પ્રસિદ્ધ કરો.

દેવીઓમાં શ્રેષ્ઠ દેવી સરસ્વી ! આપની ઉપેક્ષાને કારણે અમે અસંસ્કૃત રહી ગયા છીએ. હે માતા ! આપ આપની પ્રેરણાના સંચાર દ્વારા અમને પ્રસિદ્ધિ અને પ્રશસ્તિ પ્રદાન કરો.

૭. त्वे विश्वा सरस्वति ! श्रितायूंषि देव्याम् ।
शुभ होत्रेषु मत्स्व प्रजां देवि । दिदिड्ढि नः

અર્થાત્ હે સરસ્વતી દેવી ! જીવનોપયોગી સમસ્ત સાધનો આપને આધીન છે તેથી અમને, બીજાને સુખ આપનારા, પ્રસન્ન કરનારા ઉત્તમ વ્યવહાર, પદાર્થ તથા સંતાન આપો. (ઋક્ ૨-૪૧-૧૭)

૮. इमा ब्रह्म सरस्वति ! जुषस्व वाजिनीवति ! या ते मन्म गृत्समदा, ऋतावरि ! प्रिया देवेषु जुह्वति ।

અર્થાત્ હે સર્વ-સમૃદ્ધિઓથી સંપન્ન, ઋત-સત્ય-ગતિયુકત સરસ્વતી દેવી ! આનંદ પ્રાપ્ત કરનારા, દિવ્યતાની કામના કરનારા આપના કે ગુણોની, પોતાનામાં આહુતિ દ્વારા સ્થાપના કરે છે, તે અમારામાં આહુતિ રૂપે સ્થાપિત હો (ઋક્ ૨-૪૧-૧૮)

आ नो दिवो बृहतः पर्वतादा सरस्वती यजता गन्तु यज्ञम् ।
हवं देवी जुषमाणा घृताची शग्मां नो वाचमुशती श्रृणोतु ।। (ऋक् ५-४३-११)

અર્થાત્ સંત્ર કરવા યોગ્ય, દીપ્તિદાન વડે શોભિત કરનારી, શિક્ષા-વાણ-સંસ્કૃતિની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી, દિવ્ય બ્રહ્મચર્યાદિ હેતુ વડે અભ્યુદયની કામનાથી અમારા પોકારને સાંભળે. અને અમારા કર્મ-શ્રેષ્ઠ વિદ્યા-વ્યવહારમાં પ્રગટ થાય.

૧૦. पावीरवी कन्या चित्रायुः सरस्वती वीर-पत्नि धियं धात् ।
ग्नाभिरच्छिद्रं शरणं स-जोषा दुराधर्षं गृणते शर्म यंसत् ।।
(ऋक् ६-४९-७)

અર્થાત્ તેજ-મયી (કાન્તિ-મયી), પવિત્રતા પ્રદાન કરનારી, ચિત્ર-વિચિત્ર ભોગ દેનારી, વીરોનું પાલન કરનારી, સરસ્વતી દેવી બુદ્ધિ તથા કાર્યને ધારણ કરે છે. સંસ્કૃતિના સાધકોને દિવ્ય-પાલન-શકિતની સાથે જ તે અપ્રતિમ સુખ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મય શાંતિ આપે છે.

૧૧. सरस्वत्यै यशोभगिन्यै स्वाहा (यजुर्वेद २-२० का अंश)

અર્થાત્ યશ અને ઐશ્વર્યને આપનારી, કીર્તિની સગી બહેન જેવી સરસ્વતીને આ આહુતિ સમર્પિત હો.

૧૨. सरस्वत्या वाचा देवतया प्रसूतः प्रसर्पामि। (यजुर्वेद १०-३० का अंश)

અર્થાત્ સરસ્વતી દેવીની પ્રેરણા પામીને જીવન-પર્યંત દિવ્ય ગુણ તથા કર્મથી યુકત વાણી પ્રતિ હું પ્રવૃત્ત રહું છું.

૧૩. सरस्वत्यै स्वाहा, सरस्वत्यै पावकायै स्वाहा, सरस्वत्यै ब्रहत्यै स्वाहा।

અર્થાત્ સંસ્કૃતિ-રૂપધારિણી, પવિત્રતા-રૂપધારિણી, બૃહત્તા-રૂપધારિણી સરસ્વતી દેવીને આહુતિઓ સમર્પિત થાઓ.

૧૪. पञ्च-नद्यः सरस्वतीमपियन्ति स-स्रोतसः।
सरस्वती तु पञ्चधा, सो देशेऽभवत् सरित्।। (यजुर्वेद, ३४-११)

અર્થાત્ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રવાહિત થયેલ પાંચ પ્રકારના જ્ઞાન નદી સમાન છે. મન રૂપી માધ્યમ દ્વારા તે પ્રસન્ન (ગુપ્ત) રૂપથી સરસ્વતી દેવીની કૃપાથી પ્રાપ્ત થાય છે. સતત પ્રવાહ-મયી જ્ઞાન-વાહિની સરસ્વતી દેવી મસ્તક-પ્રદેશમાં પાંચ પ્રકારના રૂપ ધારણ કરી વહે છે.

૧૫. सरस्वतीमनुमतिं भगं यन्तो हवामहे।
वाचं जुष्टां मधुमतीमवादिषं देवानां देवहूतिषु।।

અર્થાત્ સંતો વિદ્વાનોની ગોષ્ઠીઓમાં સેવા કરવા યોગ્ય, મધુરતા-યુકત વાણીનો પ્રયોગ કરી આપણે સહુ ઐશ્વર્ય પ્રાપ્તિનો પ્રયત્ન કરતાં થકાં પરમેશ્વરને અનુકૂળ બનાવનારી સરસ્વતી દેવીને પોકારીએ છીએ (અથર્વ વેદ ૫-૭-૮)

સંપૂર્ણ.

## મંત્ર, તંત્ર યંત્રના રહસ્યો વાક્ સિદ્ધિ યંત્ર અને મંત્ર

મંત્ર અને તંત્રનો એક સરળ પ્રયોગ અહીં આપવામાં આવે છે. એનું ફળ વાણીની સિદ્ધિ છે. ખાસ કરી હસ્તરેખા જોનાર કે જ્યોતિષ વિદ્યાનો ફળાદેશ માટે સફળ ઉપયોગ કરનાર એનો નિર્દોષ ભાવે નિયમિત પ્રયોગ કરે તો એની સિદ્ધિઓની કોઈ સીમા નથી. ખાસ કરી દર પૂનમે આ પ્રયોગ કરવો જોઇએ. સરસ્વતીના ઉપાસકો માટે વ્યાખ્યાન કરનારાઓ સૌ કોઇને માટે આ યંત્ર અને મંત્ર ઉપયોગી જણાય છે.

એ માટે જાંબુના પાન પર કે ઉબરાના પાન ઉપર લખવું જોઇએ. એ માટે રકતચંદન કે મજીઠની શાહી (ઇન્ક) પાણીથી બનાવી અને જપાકુસુમના કે કોઈક લાલ રંગના ફૂલો નેવેદ્યમા ચડાવવા. આ યંત્ર સિદ્ધિ માટે ચંદ્ર જ્યારે વૃષભ રાશિમાં ખાસ કરી રોહિણી નક્ષત્રમાં હોય ત્યારે કરવું. આ યંત્ર અહીં બાજુમાં દોરવામાં આવ્યું છે. તેનો પ્રયોગ કરવા માટે સ્નાનાદિકથી શુદ્ધ થઇ ઇષ્ટદેવતા, કુળ દેવતાને વંદન કરી શ્રી ગૌતમસ્વામી સંભારી અને સરસ્વતી તથા અન્ય શક્તિઓ યાદ કરવી ત્યારબાદ જે મંત્ર છે તે આ પ્રમાણે છે :

### મંત્ર

ॐ ઐં હ્રીં ક્લીં શ્રી સર્વનિમિત્તપ્રકાશિની વાગ્વાદિની સત્યં બ્રૂહિ બ્રૂહિ સ્વાહા

Aum Aim Hrim Klim Shri Sarva Nimitta Prakashini Vagvadini satyam Bruhi Bruhi Swahe.

પહેલા પાંચ અક્ષરો બીજમંત્ર છે. પછી તમામ નિમિત્ત પ્રગટ કરનારી વાગ્વાદિની દેવીને વંદન કરે છે અને સત્ય પ્રગટ કર, સત્ય પ્રગટ કર અને પછી સમાપ્તિ છે. કોઇ જાણકાર પાસે એનો ઉપયોગ કરવો. આ પ્રયોગ ૨૭ દિવસનો છે. રોહિણી નક્ષત્રમાં શરૂ કરી રોહિણી નક્ષત્રમાં પૂર્ણાહૂતિ કરવી પછી એ પાંદડું કોઇ જળાશયમાં કે નદી સરોવર, ઝરણુ કે દરિયાના પ્રવાહમાં મૂકી દેવું. આનાથી યંત્ર સિદ્ધિ થાય છે અને ઉપરનો મંત્ર પાઠ ૨૭ હજાર વાર એટલે રોજના હજાર પાઠ કરવાથી થઇ શકે છે.

યંત્ર

| | | |
|---|---|---|
| ૪ | ૩ | ૮ |
| ૯ | ૫ | ૧ |
| ૨ | ૭ | ૬ |

એક વાર સિદ્ધિ થયા પછી આનો ઉપયોગ જરૂરી માણસોને મદદરૂપ થવા કરવો જોઇએ અથવા પોતાની જીજ્ઞાસા તૃપ્તિ માટે કરવો જોઇએ. ચંદ્રગ્રહણ વખતે ગ્રહણ મધ્ય વખતે ૧૦૮ વાર મંત્ર કરવાથી સિદ્ધિ મળે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..... સરસ્વતી યંત્ર વિભાગ .....

### ૧) મહાપ્રભાવિક સરસ્વતી યંત્ર

૧

| | | | |
|---|---|---|---|
| ૭૭ | ૮૪ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૮૧ | ૮૦ |
| ૮૩ | ૭૮ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૭૯ | ૮૨ |

૨

| | | |
|---|---|---|
| ૩૩ | ૨૬ | ૩૧ |
| ૨૮ | ૩૦ | ૩૨ |
| ૨૯ | ૩૪ | ૨૭ |


આ બંને યંત્રોના રોજ નમ્રભાવે દર્શન કરવાથી વિદ્યા ચડે. ભોજપત્ર કે તામ્રપત્ર પર અષ્ટગંધથી યંત્રને શુભમુહૂર્તે પવિત્ર સ્થાનમાં રાખી સ્થાપન કરવો.

### ૨) સરસ્વતી યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ॐ ह्रीं देवी | ह्रीं४ | क्म्ल्व्यूं | ॐ ह्रीं स्व | ॐ ह्रीं २ |
| ॐ ह्रीं सर २ | स्वती २ | ह्रीं१ | ॐ ह्रीं १ | ॐ क्लीँ ४ |
| ॐ ह्रीं माता | ह्रीं ५ | ह्रीं ९ | ००० ००० | ॐ ह्रीं माता |
| जीसा १ | भ्म्ल्व्यूं | ˘ ० ˘ ० ० | म्म्ल्व्यूं | Ψ |
| | | अमुक ० | | |

આ યંત્રને નાગરવેલના પાન ઉપર સોમવાર અથવા ગુરુવારના દિવસે શુદ્ધતાપૂર્વક અષ્ટગંધથી લખવું. પાનમાં પોતાનું નામ માલકાંગણી (તેલ) થી લખી ખવરાવવાથી વિદ્યા ચડે.


### 3) सरस्वती यंत्रम्




આ મંત્રને નાગરવેલના પાન ઉપર અષ્ટગંધ માલકાંગણી તથા વિદ્યા પ્રામિથિ લખી ખવરાવે તો વિદ્યા ચડે તથા કાલિય વદને જિવ્યાથી લિખિજે વિદ્યા ચડે સત્યમ ॥

આ મંત્રને ચાંદીની થાળીમાં કે તાંબાની અથવા કાષ્ટની તાસકમાં અષ્ટગંધથી, કેસરથી અથવા રકતચંદનથી ૭ વાર કે ૯ વાર રવિ અથવા મંગલવાથી ૪૧ દિવસ કે ૨૧ દિવસ સુધી ધૂપ કરવો. (ખાડો પડવો ન જોઇએ) અકલકરો મંત્રીને ખવરારે તો વિદ્યા ચઢે બુદ્ધિ પ્રબલ થાય અને તોતડાપણું મટે.

### ૪) अनुभूतसिद्धसरस्वतीयन्त्रम्





આ સરસ્વતી યંત્રને શુદ્ધ દિવસે સફેદ ભોજપત્ર પર સફેદ-ચંદન-કપૂર-મણશિલા-ગજ કેસરથી મિશ્રિત શાહી બનાવી કંદપુષ્પની દાંડી (સળી) ની રાત્રીના અંતિમ પ્રહરમાં લખવો.

પૂજનમાં સફેદચંદન, સફેદપુષ્પ, ધૂપ્દીપ, અંગરાગ, સફેદવસ્ત્ર અને ગાયના દૂધની ખીર ને ખાઓની મિઠાઈ રાખી યંત્ર પૂજન કરવું.

યંત્ર પૂજન કરીને ઘી અને સાકલા(સાકર) નો હોમ કરવો. ऐं બીજ થી ૫૧ વાર ૫૧ દિવસ સુધી આહૂતિ દેવી. છેલ્લે દિવસે સાધર્મિક દંપતીને ભોજન કરાવી યંત્રને ધારણ કરવું. આ યંત્ર અત્યધિક ચમત્કારી પ્રભાવપૂર્ણ છે. જડ વ્યક્તિ પણ વિદ્વાન-બુદ્ધિમાન થાય, વાણીસિદ્ધિ વિદ્યા-જ્ઞાન-યશની પ્રાપ્તિ થાય. તથા આધ્યાત્મિક ઉન્નતિને માટે પણ પ્રયોગ કરી શકાય છે.

### ૫) મંત્રયુક્તસારસ્વતચિંતામણી યંત્ર





આ યંત્ર નૈષધ-મહાકાવ્યના રચયિતા સરસ્વતી ના વરદ પુત્ર મહાકવિ શ્રીહર્ષનું બનાવેલું છે.

તેઓએ ૧ વર્ષ સુધી અનન્યમનથી આ યંત્રની અંદર રહેલા મંત્રનો જાપ કરીને સરસ્વતી (ત્રિપુરા) દેવીને પ્રત્યક્ષ કરી અદ્વિતીય વિદ્વતા પ્રાપ્ત કરી હતી. પ્રખરતમ પાંડિત્યપૂર્ણ કથનને વિદ્વાનો પણ ઉકેલી ન શકતા હોવાથી ફરી દેવીને પ્રત્યક્ષ કરી ઉપાય પુછ્યો. કે મારા કથનને લોકો કેવી રીતે સમજી શકશે ? જવાબ આપ્યો. અર્ધીરાત્રીએ મસ્તક ઉપર ભીના વસ્ત્રને બાંધવો. દહિં (મઠા) નું પાન કરવું. જેથી કફની બહુલતા થશે એટલે બુદ્ધિમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી સરસ્વતી દેવીનો યંત્ર પટ






Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જડતા આવશે. તે પ્રમાણે કર્યું અને પછી વિદ્વાનો તેના ભાવને સમજવા લાગ્યાં અને ક્રમશઃ સ્થૈર્ય વિચાર પ્રકરણ, શ્રી વિજય પ્રશસ્તિ, ખંડન ખણ્ડખાદ્ય, નૈષધીય ચરિત મહાકાવ્ય વિગેરે અગાધ પાંડિત્ય થી પરિપૂર્ણ અનેક ગ્રંથોની રચના કરી.

ચિંતામણી મંત્રનું સ્વરૂપ :-

अवामावामार्धे सकलमुभयाकारघटनाद्,
द्विधाभूतं रूपं भगवदभिधेयं भवति यत् ।
तदन्तर्मन्त्रं मे स्मर हरमयं सेन्दुममलं,
निराकारं शश्वज्जप नरपते सिद्धयतु स ते ।।
(નૈષધચરિત ૧૪/૮૫)

આદિ અને અંતમાં ॐ (ओम्) પ્રણવથી યુકત, બે અકારોના સંયોગથી બંને પ્રકારે ('ह' 'र'એ પ્રકારે વિભકત અથવા બંને આકાર અર્થાત પ્રણવ (ॐ) ના સંપુટીકરણથી બે આકારવાળું) શિવવાચક જે (ओं हर ओम એ રીતે) સ્વરૂપ થાય છે, તે ह र मय અર્થાત્ હકાર રેફાત્મક = નિરાકાર અર્થાત્ બંને अ કારોથી રહિત (કેવલ વ્યંજન હકાર-રેફયુકત) ઈ અને ચંદ્રથી યુકત એટલે કે ह्रीँ એ સ્વરૂપવાલા, કલાયુકત ह्रीँ, એ પ્રકારે (ॐ ह्रीँ ॐ)આ મારા 'ચિંતામણી નામનાં સારસ્વત મંત્રનો હંમેશા માનસિક જપ કરવો.

બે ત્રિકોણના સંયોગથી ષટ્કોણ સ્વરૂપ અને વચમાં (ॐ ह्रीँ ॐ) થી યુકત જે હંમેશા આ મન્ત્ર યંત્રની ઉપાસના કરે તેને તે સિદ્ધ થાઓ.

અપૂર્વ વિદ્વતા પ્રાપ્ત થાય-બુદ્ધિ તીવ્ર બને.

**૬)**

| | | |
|---|---|---|
| ૫ | ૭ | ૨ |
| ૧૪ | ૨૧ | ૨૬ |
| ૨૮ | ૪૯૯ | ૫૬ |

આ યંત્ર રવિપુષ્યના શુભયોગમાં બનાવી નીચેના મંત્રનો સવાલાખનો જાપ કરવો.

ॐ ह्रीँ श्रीँ चतुर्दशपूर्वेभ्यो नमो नमः ।

મહાવિદ્યાવાન થાય.

## ૭) વિદ્યા યંત્ર :


આ યંત્રને સુગંધી દ્રવ્યથી ભોજપત્ર પર લખી જે વ્યકિત દરરોજ પૂજન કરે તે વ્યકિતને વિદ્યા અધિક પ્રાપ્ત થાય છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ |
| ૧૩૦ | ૩૪ | ૪૮ | ૨ | ૧૬ | ૩૦ | ૧૩૦ |
| ૧૩૦ | ૪૬ | ૧૦ | ૧૪ | ૨૮ | ૩૨ | ૧૩૦ |
| ૧૩૦ | ૮ | ૧૨ | ૨૬ | ૪૦ | ૪૪ | ૧૩૦ |
| ૧૩૦ | ૨૦ | ૨૪ | ૩૮ | ૪૨ | ૬ | ૧૩૦ |
| ૧૩૦ | ૨૨ | ૩૬ | ૫૦ | ૪ | ૧૮ | ૧૩૦ |
| ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ |


## ૮) વિદ્યા પ્રાપ્તિ માટે સરસ્વતી સિદ્ધયંત્ર-

શુભ દિવસે તામ્ર પત્ર ઉપર બનાવી, શુભ મુહૂર્તે સ્થાપન કરી દરરોજ અષ્ટગંધથી પૂજન કરી સાકરનું નૈવેદ્ય ધરવું. ખાસ કરીને નવરાત્રીના દિવસોમાં આરાધના કરવાથી શીઘ્ર ફળદાયી બને.

આ યંત્ર વિદ્યાપ્રાપ્તિના તેજોરશ્મી પ્રાપ્ત કરવા માટે છે.




## ૯) સરસ્વતી યંત્રમ્





નિત્ય દર્શન પૂજન કરવા.

ॐ ह्रीँ हसौँ हम्ल्व्र्यूँ हस्प्रेँ ॐ ऐँ त्रिपुरशारदायै भैरव्यै देवतायै नमः ।
जाति पुष्प १२००० जाप दशांशेन होमश्च देवी प्रत्यक्षाभवति ।
''तथ्यमेव''



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦)




પ્રથમ પુષ્પનક્ષત્ર, રવિપુષ્ય, દીપમાલિકા (દીવાળી), અથવા નવરાત્રી મધ્યે રવિવાર તે દિને સારા ચોઘડીયામાં અષ્ટગંધથી ભોજપત્રે લિખિત્વા ધૂપ-દીપ કીજે તથા પૂજન કીજે, વિધિપૂર્વક પોતાનો નામ યંત્રમધ્યે મુકિજે પછી વિધિ પૂર્વક પૂજા કીજે.


મંત્રનો જાપ યંત્રપર કીજે

વાર : ૧૨૫૦ તથા ૧૧૦૦૦, યંત્ર સિદ્ધ થાય પછી યંત્ર ઉપર મંત્ર જપવો.

મંત્ર : ૐ હ્રીઁ શ્રીઁ કલીઁ ઐઁ હંસવાહિનિ મમ જિહ્વાગ્રે આગચ્છ આગચ્છ સ્વાહા ।

૧૦૮ વાર જાપ નિરંતર કીજે. યંત્ર ગુરુવારે લાભ વેળાએ જિવણે હાથે બાંધી જે વિદ્યા વધે બુદ્ધિવધે સુખશાંતિ થાય.


## ૧૧) ॥ સરસ્વતી યંત્રમ્ ॥




ગુરુવાર યે યંત્ર ॥ તાંબાના પત્રા ઉપર લિખીને પૂજીએ । વિધિપૂર્વક કરે. પછી મંત્રનો જાપ (જાપ) યંત્ર પાસે । દિન ૪૧ તથા ૪૫ જાપ કરે તો વિદ્યા ચઢે.

યંત્ર પૂજામધ્યે રાખવો. સર્વ સિદ્ધિ લક્ષ્મી પ્રાપ્ત થાઈ ॥

## ૧૨) સરસ્વતી યંત્રમ્




શુભદિને ભોજપત્ર ઉપર અષ્ટગંધની શાહીથી પવિત્રવસ્ત્ર પહેરી પૂર્વ દિશામાં યંત્ર લખવો. યંત્રના નિત્ય દર્શન-વંદન કરવાં. ધૂપ-દીપ કરવાં.

મંત્ર ૧૦૮ વાર ગણવો.

ॐ ह्रीँ श्रीँ क्लीँ ऐँ ह्राँ ह्रीँ ह्रूँ नमः ।

૧૩)

| | | | |
|---|---|---|---|
| ૭૩ | ૬૧ | ૨૮ | ૮ |
| ૭ | ૩ | ૧૩ | ૬૬ |
| ૬૪ | ૬૪ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૭૫ | ૭૬ |

૧૪)

| | | | |
|---|---|---|---|
| ૭૩ | ૩૧ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૭૮ | ૭૬ |
| ૯૦ | ૭૪ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૮૫ | ૭૯ |

બુદ્ધિ તીવ્ર કરવા માટે-

આ યંત્રને સુદ પક્ષમાં ઉત્તમ દિને
થાળીમાં લખી તેમાં ખીર ખાવામાં આવે
તો બુદ્ધિ તીવ્ર થાય.
જ્ઞાન વૃદ્ધિ યંત્ર

૧૫)


| | | | |
|---|---|---|---|
| ૭ | ૭૪ | ૯ | ૫૯ |
| ૬ | ૬ | ૧૭ | ૩૭ |
| ૪૭ | ૮૫ | ૮ | ૯ |
| ૮ | ૫ | ૩૯ | ૫૭ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિ ઉત્પન્ન થાય

આ યંત્ર રવિપુષ્પમાં કાંસાની થાળીમાં તૈયાર કરાવી. સુગંધી દ્રવ્યથી લખી સુદ પાંચમથી વદ દશમ સુધી રાત્રી પર્યંત ચંદ્રના અજવાળામાં થાળીમાં પાણી ભરી રાખી મુકે, સવારના તે થાળી ધોઈ તેનું પાણી પીવે તદો તેનું અજ્ઞાનપણું દૂર થાય અને વિદ્યા બહુ ચડે છે. પૂર્વધરોએ રચેલ છે માટે સત્ય સમજવું ''વૈરના વમળમાંથી'' સાભાર




આ યંત્ર વિભાગના સઘળા યંત્રો સંગ્રહાર્થે છે. પણ તેની નિત્ય દર્શન-વંદન-પૂજન (ધૂપ-દીપ) અર્ચન વિધિ કરવી. શ્રદ્ધા અને સમર્પણ એ કાર્યસિદ્ધિના સહકારી કારણ છે. કોઈપણ યંત્ર બનાવવા માટે સુવર્ણ - ચાંદી - તામ્રપત્ર કે ભોજપત્ર પર શુભદિને - મંગલ સમયે પરોપકાર અને આત્મવિકાસની ઉત્તમ-ભાવનાથી કરતાં યંત્ર ફળદાયી બને છે. અષ્ટગંધશાહી-કલમ અને ભોજપત્ર પર સ્વહસ્તે લખી ને પવિત્ર સ્થાનમાં રાખી ઉપયોગ કરવો.

# ऐँ नमः



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org